SAF Social Axiom Foundation

ચિલ્ડ્રન્સ અગેઈન્સ્ટ ચાઈલ્ડ એબ્યુઝ


# પ્રોજેક્ટ (CACA)

## સપોર્ટ-સ્ટાફ બુકલેટ

તમને અને તમારા બાળકને બાળ
જાતિય શોષણ સામે સશક્ત બનાવવા




GUJ



આ બુકલેટને www.projectcaca.org પરથી અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓમાં ડાઉનલોડ કરી શકાય છે.

પાર્ટનર

વિવિધ સંસ્થાઓની સહાયથી:
સ્ટેટ લીગલ સર્વિસીઝ ઓથોરિટીઝ (SLSA) અને સ્ટેટ કમિશન્સ ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ-(SCPCR)

www.projectcaca.org

RED-GUJ-01

## અનુક્રમણિકા


1. કોણે આ કમ્પેનિયન બુકલેટ વાંચવી જોઈએ ? 01

2. સ્કૂલની સુરક્ષા પોલિસી ? 01

3. CACA સેફ્ટી વર્કબુક્સ 02

4. બાળ અધિકારો 03

5. કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ 03

6. જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન) એક્ટ–JJ એક્ટ 04

7. પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ એક્ટ-POCSO 06

8. POCSO E-બોક્સ 09

9. નેશનલ સેક્સ ઓફેન્ડર રજિસ્ટ્રી–NDSO 10

10. નેશનલ લીગલ સર્વિસીઝ ઓથોરિટી–NALSA 11

11. CACA સુરક્ષા વર્કબુક્સમાં સરકારી લોગો /નીતિઓ /સ્કીમોને આવરી લેવાઈ છે 12



પબ્લિશેડ: એજ્યુસિનર્જિસ ફોર સોશિયલ એક્સિઓમ ફાઉન્ડેશન (SAF)

પ્રિન્ટેડ: રેપ્રો ઈન્ડિયા લિ.


ડિસ્ક્લેઈમર- આ બુકલેટ કોઈ ક્વોલિફાઈડ નિષ્ણાતની સલાહની અવેજીરૂપે નથી. વાચકના લાભાર્થે તેની સામગ્રી અને વિવિધ કાયદાઓની જોગવાઈને સરળીકૃત કરાઈ છે. આ બુકલેટ કોઈ પણ કાયદાની અવજીરૂપે નથી.


© Copyright 2021, SAF – સોશિયલ એક્સિઓમ ફાઉન્ડેશન. તમામ અધિકારો અબાધિત.

SAF Social Axiom Foundation

ચિલ્ડ્રન્સ અગેઈન્સ્ટ ચાઈલ્ડ એબ્યુઝ

## 1. કોણે આ કમ્પેનિયન બુકલેટ વાંચવી જોઈએ ?

આ બુકલેટ એ CACA સેફટી વર્કબુકની કમ્પેનિયન છે જેને સ્કૂલની સેફટી પોલિસી હેઠળ બાળકોને શીખવવામાં આવે છે. આ વર્કબુક એ પ્રોજેક્ટનો મધ્યસ્થ ભાગ છે. તદુપરાંત આ પ્રોજેક્ટમાં શિક્ષકો, વાલીઓ અને સ્કૂલના સપોર્ટ સ્ટાફ માટે કમ્પેનિયન બુકલેટ અને સ્કૂલના વર્કશોપનો સમાવેશ કરાયો છે. સેફટી વર્કબુક આપણા બાળકોને તેમના અધિકારો (બાળ અધિકારો), જાતિય સમાનતા અને બાળશોષણ વિશે શિક્ષા આપે છે. આ વર્કબુકસમાં બાળશોષણની રોકથામ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. અંગત સુરક્ષા ઉપરાંત, આ વર્કબુકમાં આરોગ્ય અને સ્વચ્છતાને આવરી લેવાયું છે. વર્કબુક્સમાં બાળકો, શિક્ષકો, વાલીઓ, દાદા-દાદી અને સપોર્ટ સ્ટાફ વિવિધ પાત્રોમાં જોવા મળે છે. બાળકો તેમના વાલીઓની સહાયતા વિના આ વર્કબુક્સને કદી સમજી જ નહીં શકે. વાલીઓ, શિક્ષકો અને સપોર્ટ-સ્ટાફ માટેની બુકલેટ અંગ્રેજી, હિન્દી અને વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં છે જેથી તેમને સુરક્ષા વર્કબુક અનુસાર પોતાને ઢાળવામાં મદદ મળે.

સપોર્ટ-સ્ટાફ માટે આ બુકલેટ છે જેમાંના કેટલાક વાલીઓ અને દાદા-દાદી પણ હશે. જો કે, બાળકોની જેમને પણ ચિંતા હશે તેઓને આ બુકલેટ વાંચવામાં રસ પડશે. આખરે, આપણે બધા બાળકો ખુશ, તંદુરસ્ત અને સુરક્ષિત રહે તેમ ઈચ્છીએ છીએ. સપોર્ટ-સ્ટાફ ચાહે ફુલટાઈમ હોય કે પાર્ટટાઈમ અને સ્કૂલ સાથે કરારબદ્ધ હોય જેમકે ડ્રાઈવર, કંડક્ટર, સ્વીપર, આયા વગેરે, જેમણે નિયમિત રીતે બાળકો સાથે વાતચીત કરતા રહેવાનું હોય છે. બાળસુરક્ષાને લગતા વિવિધ કાયદાઓની તેમને પણ સમજ હોવી જરૂરી છે.

## 2. સ્કૂલની સુરક્ષા પોલિસી

પ્રોજેક્ટ CACA કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, સરકારી મંત્રાલયો અને વિભાગો, સ્કૂલ બોર્ડ, સુપ્રીમ અને હાઈ કોર્ટો, વગેરે જેવી વિવિધ સંસ્થાઓ દ્વારા જારી કરાયેલા વિવિધ સુરક્ષાલક્ષી માર્ગદર્શિકાઓ, નિયમો અને પરિપત્રોને અનુસરે છે, જેનું દરેક સ્કૂલે પાલન કરવાનું રહે છે. દરેક સ્કૂલે પોતાના વિદ્યાર્થીઓ માટે સુરક્ષાની નીચે મુજબની કેટેગરીઓ માટે તૈયારી કરવાની રહે છે.

સ્કૂલો માટે બાળ સુરક્ષા માટે કેટેગરીઓ

1. માળખાગત | 2. આરોગ્ય | 3. પરિવહન | 4. વિદ્યાર્થી રક્ષણની પ્રણાલિ | 5. વ્યક્તિગત, સામાજિક, સંવેદનાત્મક અને જાતિય સુરક્ષા | 6. રિપોર્ટિંગ અને જવાબની પ્રણાલિ | 7. આપાતકાલીન તૈયારીઓ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ | 8. સાઈબર સુરક્ષા

SAF Social Axiom Foundation

પ્રોજેક્ટ CACA ને બાળકોને મધ્યમાં રાખીને તૈયાર કરાયો છે જે બાળકો, વાલીઓ અને શિક્ષકો ઉપરાંત સપોર્ટ-સ્ટાફને સુરક્ષાની ઉપરોક્ત કેટેગરીઓ સંબંધે સશક્ત, સુશિક્ષિત અને સંવેદનશીલ બનાવે છે. આ પ્રોજેક્ટ હેઠળ બાળ અધિકારો, જાતિય સમાનતા અને બાળશોષણને લગતા શૈક્ષણિક, કાનૂની અને મનોવૈજ્ઞાનિક પાસાઓને આવરી લેવાયા છે

## 3. CACA સેફટી વર્કબુક્સ

‘કોમલ’ એ ટૂંકી કાર્ટૂન ફિલ્મ છે જે બાળ જાતિયશોષણ સામે બાળકોને સશક્ત બનાવે છે. ચાઈલ્ડલાઈન ઈન્ડિયા ફાઉન્ડેશન નામની એનજીઓ દ્વારા તેનું ભારત સરકારના સહયોગથી પ્રોડક્શન કરાયું છે. કોમલ એ બીજી કોઈ પણ 7-વર્ષની છોકરી જેવી જ છે, કમનસીબે, તેના પાડોશી દ્વારા તેનું શોષણ કરાય છે. આ ફિલ્મમાં બાળકોને સુરક્ષિત-અસુરક્ષિત સંપર્ક વિશે સમજાવાય છે જેથી તેઓ પોતાનું રક્ષણ કરી શકે. આ કોમલની ફિલ્મના આધારે જ CACA સેફટી વર્કબુક તૈયાર કરી છે. તે ઉંમરને-યોગ્ય તેમજ પ્રગતિશીલ રીતે આ ફિલ્મમાં કવર કરાયેલા સુરક્ષાના વિવિધ સિદ્ધાંતો વિશે શીખવે છે જેમકે :




- સુરક્ષિત-અસુરક્ષિત સંપર્ક
- રહસ્યો
- વિશ્વાસપૂર્ણ વાતાવરણમાં ઉછેર
- આમાં તમારો કોઈ વાંક નથી
- આત્મવિશ્વાસપૂર્ણ રહેવું
- જણાવવો
- ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર 1098
- વગેરે

આ ફિલ્મ સ્કૂલમાં બાળકોને દેખાડાઈ રહી છે. વાલીઓ, દાદા-દાદી, સ્કૂલના શિક્ષકો અને સપોર્ટ-સ્ટાફે પણ તેને જોવી જોઈએ. આ ફિલ્મ અંગ્રેજી, હિન્દી અને વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે. તેને યુટ્યુબ- ઈન્ટરનેટ પર ‘Komal childline’ અને તમારી ભાષા જેમકે તમિળ, હિન્દી વગેરે ટાઈપ કરીને સરળતાથી શોધી શકાય છે.

આ વર્કબુક્સ 3 શ્રેષ્ઠ મિત્રો ફરતે વણાયેલી છે : જેમાં એક છોકરી- સાના, એક છોકરો- અર્પિત અને એક વાઘ, પોક્સો છે. આ 3 જણા સહાધ્યાયી છે.


પોક્સો


સાના


અર્પિત



સર્વે 2007 મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (MW&CD), ભારત સરકાર: દર બીજું બાળક, છોકરો અથવા છોકરી એક અથવા બીજા સ્વરૂપમાં જાતિય સતામણીનો ભોગ બને છે.

## 4. બાળ અધિકારો

કોઈ પણ વ્યક્તિ કે જેની વય 18 વર્ષથી ઓછી હોય તેને બાળક (સગીર) કહેવાય. બાકીના બધા લોકોને પુખ્ત કહેવાય. પુખ્તોની જેમ બાળકો પણ નાગરિકો જ છે. તેમની પાસે પણ નાગરિકોના બધા અધિકાર હોય છે કે જે ભારતના બંધારણ થકી પ્રાપ્ત થાય છે. તેમની પાસે કેટલાક એવા પણ અધિકારો છે જે ફક્ત તેમના માટે જ છે જેમકે :

- ✓ બાળકો પાસે તેમના અધિકારો વિશે જાણવાનો અધિકાર છે.
- ✓ બાળકો પાસે સારા શિક્ષણનો અધિકાર છે.
- ✓ બાળકો પાસે સારી આરોગ્ય સુવિધાનો અધિકાર છે.
- ✓ બાળકો પાસે ભરપેટ જમવાનો અધિકાર છે.
- ✓ બાળકો પાસે આર્થિક અને જાતિય શોષણ સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.
  વગેરે.

એવા ઘણા કાયદાઓ અને સરકારી યોજનાઓ છે જે આ અધિકારો પર આધારિત છે. સેફટી વર્કબુક્સ આપણા બાળકોને તેના વિશે માહિતગાર કરે છે. યાદ રાખો, બાળકોને તેમના અધિકારો પ્રાપ્ત થાય તેની તકેદારી રાખવી એ દરેક પુખ્તવયનાની જવાબદારી છે.

## 5. કમિશન્સ ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ

કમિશન્સ ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ (2005) નેશનલ કમિશન- NCPCR અને સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ- SCPCR ની રચના આ એક્ટ હેઠળ કરાઈ છે. આ કમિશનો બાળ અધિકારો અને સંલગ્ન કાયદાઓના અમલના નિરીક્ષણ માટે જવાબદાર છે. આ દરેક કમિશનના એક ચેરપર્સન હોય છે.

NCPCR
NATIONAL COMMISSION FOR PROTECTION OF CHILD RIGHTS

SAF Social Axiom Foundation

આ કમિશનો ઘણી કામગીરી કરે છે જેમ કે– બાળ અધિકારોના ઉલ્લંઘનને લગતી ફરિયાદોમાં તપાસ અને અનુકૂળ પગલાં લેવા પોલીસ જેવા યોગ્ય સત્તાવાળાઓના ધ્યાને તેને લઈ જવી જેથી યોગ્ય પગલાં ભરવામાં આવે.

કોઈ ફરિયાદ નોંધાઈ ન હોય ત્યારે પણ તે આને લગતી બાબતોને સુઓમોટો (આપમેળે) તપાસ કરી શકે છે.

- બાળ અધિકારોનું ઉલ્લંઘન.
- તેઓ પોલીસ જેવી યોગ્ય સત્તા સમક્ષ પણ આવા મુદ્દાઓને ઉઠાવીને લઈ જઈ શકે છે.

## 6. જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન) એક્ટ JJ એક્ટ

આ ધારો ભારતભરમાં અમલમાં છે. તે બાળકની એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યા કરે છે કે 18 વર્ષથી ઓછી વયની વ્યક્તિ છે. તે બે કેટેગરીમાં આવતા બાળકોની સાથે કામ ચલાવે છે જેમકે A અને B:

કેટેગરી A : એવું બાળક કે જેણે કાયદાનો ભંગ કર્યો હોય (કાયદાની સાથે સંઘર્ષરત બાળક).

કેટેગરી B : એવું બાળક કે જેને બાળકની જેમ કાળજી, રક્ષણ, સારવાર, વિકાસ અને પુનર્વસનની જરૂર છે:

- કે જે ઘર અથવા વસવાટવિહોણી સ્થિતિમાં મળી આવ્યું - અનાથ, ત્યક્ત, વગેરે,
- એવું બાળક કે જે માનસિક અથવા શારીરિક દિવ્યાંગ છે અને પોતાની જાતે પોતાની કાળજી લેવા સક્ષમ નથી,
- એવું બાળક કે જે લગ્ન માટેની પુખ્તવય ધારણ કરે તે પહેલાં જ તેના લગ્ન કરાવી દેવાનું જોખમ છે અને જેના વાલીઓ અથવા પરિવારજનો જ આવા લગ્ન માટે બળજબરી કરી રહ્યા છે,
  વગેરે

> કેટેગરી A હેઠળ આવતું બાળક કેટેગરી Bમાં પણ આવી શકે છે. ઉદાહરણ સ્વરૂપે એક અનાથ કે જે કાયદા સામે સંઘર્ષરત હોય.

બાળ કલ્યાણ સમિતિઓ– CWC

બાળ કલ્યાણ સમિતિઓ બાળકોને પૂરી પડાતી કાળજી, રક્ષણ, સારવાર, વિકાસ અને પુનર્વસન સુનિશ્ચિત કરીને તેની વ્યવસ્થા કરે છે. CWC માં એકચેરપર્સન અને ચાર અન્ય સભ્ય હોય છે. આ સભ્યોમાં ઓછામાં ઓછી એક મહિલા હોય છે તેમજ એક સભ્ય બાળકોને લગતી બાબતોના નિષ્ણાત હોય છે.

✓ CWC સમક્ષ બાળક પોતે સહિત, કોઈ પણ વ્યક્તિ બાળકને પ્રસ્તુત કરી શકે છે.

✓ બાળક પોતે સહિત, કોઈ પણ વ્યક્તિ ચાઈલ્ડ હેલ્પલાઈન 1098 પર પણ કોલ કરી શકે છે.

જૂવેનાઈલ જસ્ટિસ બોર્ડ-JJB

કાયદા સાથે સંઘર્ષરત બાળક (જેને ગુનેગાર કહેવાતું નથી) જૂવેનાઈલ જસ્ટિસ બોર્ડ-JJB સમક્ષ પ્રસ્તુત કરાય છે નહિ કે પુખ્તો માટેની સામાન્ય કોર્ટ સમક્ષ. JJBમાં એક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અને બે સામાજિક કાર્યકરો સામેલ હોય છે જેમાંથી ઓછામાં ઓછી એક મહિલા હોય છે. JJB દ્વારા કાયદા સાથે સંઘર્ષરત બાળક સંબંધે તપાસ (કાર્યવાહી નહીં) હાથ ધરાય છે અને JJ એક્ટ અનુસાર તે આદેશ આપે છે. યાદ રહે, કોઈ પણ બાળકને કદી પોલીસ લોક-અપ અથવા જેલમાં પૂરી શકાય નહીં. JJB ને માલૂમ પડે કે કાયદા સાથે સંઘર્ષરત બાળકને રક્ષણ અને કાળજીની પણ જરૂર છે, તો તે આ બાળકને CWC સમક્ષ મોકલી શકે છે. યાદ રહે, JJB દ્વારા ચોરી, લૂંટફાંટ, હત્યા વગેરે જેવા તમામ પ્રકારના ગુનાઓ માટે બાળકો સાથેનું કામ પાર પાડે છે.

સ્પેશિયલ જ્યુવેનાઈલ પોલીસ યુનિટ- SJPU

બાળકોને લગતા કેસનું સંચાલન કરનાર પોલીસ અલગ હોય છે. તેમને સ્પેશિયલ જ્યુવેનાઈલ પોલીસ યુનિટ-(SJPU) કહેવામાં આવે છે. JJ ધારા હેઠળ બાળકો માટે જિલ્લાવાર CWC, SJPU અને JJB ની ખાસ રચના કરવામાં આવે છે. આ ઉપરાંત દરેક પોલીસ સ્ટેશનમાં બાળકોને લગતી બાબતો માટે વિશેષ પોલીસ કલ્યાણ અધિકારી હોય છે.

## JJBના નિર્દેશો

JJB બાળકો દ્વારા આચરાતા વિવિધ પ્રકારના ગુનાઓ સંબંધે બાળકો માટે નીચેના પ્રકારના આદેશો આપી શકે છે :

- સલાહ અથવા ચેતવણી આપ્યા પછી ઘરે જવા દેવા
- કોઈ ગ્રુપ કાઉન્સેલિંગમાં ભાગ લેવા
- સામુદાયિક સેવામાં ભાગ લેવા
- દંડની રકમ ભરવા
- કોઈ વાલીની કાળજી હેઠળ પ્રોબેશન પર મુક્ત કરવા.
- સુધારાત્મક સેવાઓ મેળવવા માટે *'સ્પેશિયલ હોમ'માં મોકલવા, પરંતુ તે ગાળો ત્રણ વર્ષથી વધુ ન હોવો જોઈએ.
- કોઈ નશામુક્તિ કેન્દ્રમાં મોકલવા.

*કોઈ સ્પેશિયલ હોમ એ નિવાસી સ્થળ હોય છે. સ્પેશિયલ હોમમાં બાળક સ્કૂલ, વ્યવસાયલક્ષી તાલીમ વગેરેમાં ભાગ લઈ શકે છે.

પોલીસ ભવિષ્યમાં સરકારી સેવાઓમાં ગેરલાયક ઠેરવવા, પાસપોર્ટની અરજી વગેરે બાબતે કોઈ બાળકનો રેકોર્ડ ન રાખી શકે.

SAF Social Axiom Foundation

બાળ અદાલત

જયારે કોઈ બાળક 16 થી 18 વર્ષની વયજૂથમાં આવે છે અને તેની હત્યા જેવા જઘન્ય અપરાધમાં ધરપકડ કરીને JJB સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે JJB દ્વારા એ ચકાસાય છે કે આ બાળક કોઈ પુખ્તવયના જેવી માનસિક ક્ષમતા ધરાવે છે કે કેમ. JJBને જાણવા મળે કે બાળક પુખ્તવયની વ્યક્તિ જેવી માનસિક ક્ષમતા ધરાવે છે તો તેને તે બાળ અદાલત સમક્ષ મોકલે છે. બાળ અદાલત બાળકની માનસિક ક્ષમતા વિશે JJBના મંતવ્યથી સંમત થાય અને ન પણ થાય. બાળ અદાલત JJBના મંતવ્યથી સંમત થાય તો તે બાળકની સાથે પુખ્તવયની વ્યક્તિ જેવો જ વ્યવહાર કરે છે અને બાળ અદાલતની સુનાવણી શરૂ થાય છે. જો કે, કોઈ પણ ગુના માટે કોઈ પણ બાળકને આજીવન કેદ અથવા મૃત્યુદંડની સજા થઈ ન શકે. બાળ અદાલત JJB સાથે અસંમત થાય તો બાળકની ગણના પુખ્તવયની વ્યક્તિ જેવી નથી થતી અને બાળ અદાલત અગાઉ ‘JJB દ્વારા અપાયેલા આદેશ’માં કરેલા ઉલ્લેખ મુજબનો આદેશ પસાર કરી દે છે.

## 7. પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ ફ્રોમ સેક્સુઅલ ઓફેન્સિસ એક્ટ- POCSO/જાતિય અપરાધોથી બાળકોના સંરક્ષણનો અધિનિયમ

જાતિય સતામણી સામે 18 વર્ષથી ઓછી વયની દરેક વ્યક્તિને રક્ષણ આપવા ૨૦૧૨માં એક કાયદો ઘડાયો હતો. POCSO ભારતભરમાં લાગુ છે. POCSOમાં નિર્ધારિત કરાયેલા ગુનાઓ જાતિય-પક્ષપાતવિહોણા છે. આ કાયદાને 2019 માં સુધારીને વધુ કડક કરાયો હતો.

મુખ્ય પરિબળો :

- અહીં પોતાની નિર્દોષતા સાબિત કરવાની જવાબદારી આરોપીના શિરે હોય છે.
- બાળ જાતિય સતામણીનો રિપોર્ટ પોલીસમાં ફરજિયાત થવો જોઈએ. રિપોર્ટ કરવામાં નિષ્ફળતા એ ગુનો બને છે. પોલીસ અધિકારી દ્વારા આ અંગેની એફઆઈઆર નોંધવાનો ઈનકાર પણ ગુનો બને છે. રિપોર્ટ ન કરવા બદલ 0થી 6 મહિના સુધીની જેલ અને/અથવા દંડ થઈ શકે છે.
- જિલ્લાવાર વિશેષ અદાલતો હોય છે જે બાળ-ભિમુખ અને ફાસ્ટટ્રેક કામગીરી કરે છે. આ અદાલતો ખાસ જાતિય શોષણકર્તાઓ સામે જ કામ ચલાવે છે. ખાસ અદાલતોની સુનાવણી ઈન-કેમેરા થાય છે. બાળકને કોઈ પણ તબક્કે આરોપીની સાથે સંપર્કમાં લાવવામાં આવતું નથી.
- આમાં બાળકની સંમતિને માન્ય બચાવ ગણવામાં આવતો નથી.
- આમાં ભોગ બનનારને વળતર ચૂકવવામાં આવે છે.

ગુનાઓની કેટેગરી

POCSO એક્ટ હેઠળ નિર્ધારિત કરાયેલા બાળ જાતિય શોષણના વિવિધ ગુનાઓ કોઈ કૃત્ય કરવા પાછળ જાતિયતા પ્રકારનો ઇરાદો હોય ત્યાં જ લાગુ પડે છે. ઉદાહરણ: કોઈ નોકરાણી KGના વિદ્યાર્થીનાં મેલાં કપડાં બદલે અને બાળક તે માટે અનિચ્છુક હોય તો તે કાંઈ POCSO એક્ટ હેઠળનો ગુનો નથી બનતો. એવી કોઈ સ્પષ્ટ વ્યાખ્યા નથી કરાઈ કે ‘ઈરાદો’ કોને કહેવાય. અદાલત સમક્ષ રજૂ કરાયેલી હકીકતો અને કેસના સંજોગો જ જાતિયતા પ્રકારના ઈરાદાની ઉપસ્થિતિ છે કે નહીં તે નિર્ધારિત કરે છે.

આ એક્ટને A થી G સુધીની સાત કેટેગરીમાં વિભાજિત કરી શકાય.

A. જાતિય સતામણી

B. જાતિય હુમલો

C. વણસેલો જાતિય હુમલો

D. લિંગપ્રવેશનો જાતિય હુમલો

E.વણસેલો લિંગપ્રવેશનો જાતિય હુમલો

F. પોર્નોગ્રાફિક હેતુસર બાળકોનો ઉપયોગ

G. મદદરૂપ થવું

A. જાતિય સતામણી: તેના હેઠળ એવા ગુનાઓને પણ આવરી લેવાય છે જ્યાં અણછાજતી ટિપ્પણી, હડસેલો મારવો, ગંદા ચિત્રો / સંદેશા મોકલવા, ગુપ્તાંગો દેખાડવા વગેરે જેવું હોય છે પરંતુ કોઈ સ્પર્શ થતો નથી

સજા: જેલવાસ અથવા 0થી 3વર્ષની સજા અને/અથવા દંડ.

B. જાતિય સતામણી: તેમાં સ્પર્શ સામેલ હોય તેવા ગુનાઓને આવરી લેવાય છે, પરંતુ તે સ્પર્શ લિંગપ્રવેશને લગતો નથી હોતો જેમકે કોઈ બાળકના ગુપ્તાંગનો સ્પર્શ કરવો અથવા બાળક પાસે બીજા કોઈના માટે આવું કરાવવું વગેરે.

સજા: 3થી 5 વર્ષની જેલ અને તે દંડને પણ પાત્ર બને છે.

C. *વણસેલો જાતિય હુમલો (E કેટેગરી પછી બોક્સની માહિતી જુઓ)

D. લિંગપ્રવેશનો જાતિય હુમલો: કોઈ બાળકના શરીરાંગમાં (મોઢા અને/અથવા કમરની નીચેના ભાગમાં) કોઈ પણ પદાર્થ/શરીરાંગનો પ્રવેશ કરાવવો.

સજા:

a. 10 વર્ષની જેલથી માંડીને આજીવન કેદ અને દંડ.

b. બાળકની ઉંમર 16 વર્ષ કરતા ઓછી હોય, તો 20 વર્ષની જેલ અને દંડ.

E. *વણસેલો લિંગપ્રવેશનો જાતિય હુમલો : (નીચેના બોક્સની માહિતી જુઓ)

*વણસેલા હુમલા
જાતિય અને લિંગપ્રવેશના જાતિય હુમલાઓની વિસ્તૃત વ્યાખ્યા અનુક્રમે વણસેલા જાતિય હુમલા અને વણસેલા લિંગપ્રવેશના જાતિય હુમલા તરીકે કરાઈ છે. કોઈ હુમલો વણસેલો બને, તેનો મતલબ વધુ ગંભીર એ રીતે થયો કે વિશ્વાસ અને જવાબદારીની સ્થિતિમાં રહેલી કોઈ વ્યક્તિ જ બાળકનું જાતિય શોષણ કરે છે. પરિવારજન, પોલીસ કર્મચારી, સશસ્ત્ર દળના કર્મચારી, કોઈ શિક્ષણ સંસ્થા/હોસ્પિટલનો સ્ટાફ અથવા મેનેજમેન્ટ વિશ્વાસ અને જવાબદારીની સ્થિતિમાં રહેલી વ્યક્તિની કેટેગરીમાં આવે છે. ગેંગ રેપ જેવો ગુનો કે જેમાં બાળકનું મૃત્યુ થાય અથવા તો ભોગ બનનાર બાળકની વય 12 વર્ષ કરતા ઓછી હોય તેવા ગુનાને પણ વણસેલો હુમલો કહેવાય.
સજા:
વણસેલા જાતિય હુમલા માટે, 5 થી 7 વર્ષ સુધીની જેલ અને દંડ.
વણસેલા લિંગપ્રવેશના જાતિય હુમલા માટે, 20 વર્ષની જેલથી માંડીને આજીવન કેદ અને દંડ અથવા મૃત્યુદંડ થઈ શકે.

POCSO એક્ટને 2019 માં સુધારાયો હતો. આ સુધારા હેઠળ ભોગ બનનાર બાળકનું ઉંમર-વાર વર્ગીકરણ કરીને સજા વધારવા ઉપરાંત મૃત્યુદંડની જોગવાઈ કરાઈ હતી.

F. પોર્નોગ્રાફિક હેતુસર બાળકોનો ઉપયોગ: પોર્નોગ્રાફિક સામગ્રીને તૈયાર કરવા, પ્રોડક્શન, પ્રસારણ, પ્રકાશન, પ્રદાન કરવા તેમજ વિતરણ કરવા માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક, કમ્પ્યૂટર, ટેલિવિઝન ચેનલ, ઈન્ટરનેટ અથવા અન્ય કોઈ ટેકનોલોજી જેવા અન્ય માધ્યમ દ્વારા બાળકને સામેલ કરવું.
સજા: 3થી 5 વર્ષની જેલ અને દંડ પણ થઈ શકે છે. વારંવાર આવો ગુનો કરવા બદલ, લાંબા સમય સુધી કારાવાસ થઈ શકે છે.

પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક, ડિજિટલ વગેરે જેવા કોઈ પણ સ્વરૂપમાં બાળ પોર્નોગ્રાફિક સામગ્રીનો સંગ્રહ કરવો એ આ કાયદા હેઠળ દંડનીય છે. કોઈ વ્યક્તિએ ગુનાનું પુનરાવર્તન કર્યું છે કે કેમ, પોર્નોગ્રાફિક સામગ્રીનો ઉપયોગ કોમર્શિયલ હેતુસર કરવાનો ઈરાદો ધરાવતો હતો કે કેમ વગેરે જેવા પરિબળોના આધારે 0થી 7 વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

G. મદદરૂપ થવું : તેનો મતલબ થાય કોઈને ગુનો કરવામાં મદદરૂપ થવું અને તેના માટે પણ ગુનો કરનાર વ્યક્તિના જેવી જ સજા છે.

### પૂરાવા અને ક્રાઈમ સીનનું રક્ષણ

ક્રાઈમ સીન એટલે કે ગુનાના સ્થળે પૂરાવા સુરક્ષિત કરવા આવશ્યક છે. સ્કૂલ સત્તાવાળાઓએ પણ સતામણી થઈ હોય તે વિસ્તારને કોર્ડન કરવા તાત્કાલિક પગલાં ભરીને પોલીસને જાણ કરવી જોઈએ. પૂરાવાનો નાશ કરવો એ પણ ગુનો બને છે.

### બાળકની ઓળખનું રક્ષણ

ભોગ બનનાર બાળકની ગોપનીયતાનું ચુસ્તપણે રક્ષણ થવું જોઈએ. બાળકની ઓળખમાં તેના નામ, સરનામાં, ફોટોગ્રાફ, પારિવારિક વિગતો, સ્કૂલ, પાડોશ વગેરેનો સમાવેશ થાય છે. સ્કૂલના સત્તાવાળાઓએ સુનિશ્ચિત કરવું પડે કે બાળકની ઓળખને મીડિયા સામે રક્ષણ આપવામાં આવે. ખાસ અદાલતની મંજૂરી વિના બાળકની ઓળખ જાહેર કરનાર કોઈ પણ વ્યક્તિને 6 મહિનાથી માંડીને 1 વર્ષની જેલ અને/અથવા દંડ થઈ શકે છે.

### POCSO હેઠળ ખોટી ફરિયાદ

કોઈ પણ વ્યક્તિ કે જે ખોટી ફરિયાદ નોંધાવે અથવા તો કોઈ પણ વ્યક્તિ સામે ખોટી માહિતી પૂરી પાડે, તો તેને 6 મહિનાથી માંડીને 1 વર્ષની જેલ અને/અથવા દંડ થઈ શકે છે. ગુનાનો રિપોર્ટ કરવામાં કોઈ બાળક નિષ્ફળ રહે અથવા ખોટી ફરિયાદ કરે અથવા ગુના વિશે ખોટી માહિતી આપે તો તેને આ એક્ટ હેઠળ જવાબદાર ઠેરવી શકાતું નથી.

## 8. POCSO ઈ-બોક્સ

NCPCR, અને તેની સાથે MW&CD, ભારત સરકારે મળીને એક ઈલસ્ટ્રેટિવ ફરિયાદ પેટી રચી છે જેને POCSO ઈ-બોક્સ કહેવાય છે. આ ઈ-બોક્સ www.ncpcr.gov.in પર ઉપલબ્ધ છે. બાળક સહિત કોઈ પણ વ્યક્તિ, બાળકના જાતિય શોષણના રિપોર્ટ કરવા આ ઈ-બોક્સનો ઉપયોગ કરી શકે છે. કોઈ પણ વ્યક્તિ ફરિયાદ કરવા ટોલ-ફ્રી નંબર્સ: 1098 અથવા 9868235077 અથવા 1800115455 પર કોલ કરી શકે છે.



SAF Social Axiom Foundation




પોક્સો ઈ–બોક્સ

**POCSO E-BOX**

## 9. નેશનલ સેક્સ ઓફેન્ડર રજિસ્ટ્રી–NDSO

ભારતભરમાં જાતિય હુમલાખોરો વિશેનો નેશનલ ડેટાબેઝ એક નેશનલ રજિસ્ટરમાં રાખવામાં આવે છે. તેમાં 2005થી જાતિય હુમલાના તમામ ગુનેગારોની સંપૂર્ણ વિગતો રાખવામાં આવે છે જેથી તેમને ટ્રેક કરી તેમની પર નિરીક્ષણ રાખી શકાય. NDSO 2018માં કાર્યરત થયું હતું અને તેમાં 4 લાખથી વધુ ગુનેગારોની વિગતો છે. આ ડેટાબેઝ સુધી ફક્ત પોલીસ જેવી કાયદાનો અમલ કરાવનારી એજન્સીઓ જ પહોંચ મેળવી શકે છે અને જાહેર જનતા નહીં. પોલીસ આ ડેટાનો ઉપયોગ સ્કૂલો સહિતની વિવિધ સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓના વેરિફિકેશન માટે કરે છે.

## 10. નેશનલ લીગલ સર્વિસીઝ ઓથોરિટી–NALSA

નેશનલ લીગલ સર્વિસીઝ ઓથોરિટી-NLSA (www.nalsa.gov.in), રચના લીગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એક્ટ, 1987 હેઠળ કરાઈ છે.

> આ એક્ટ હેઠળ, માનવ તસ્કરીનો ભોગ બનેલા, POCSO ગુનાઓનો ભોગ બનેલા, અનુસૂચિત જાતિ અથવા જનજાતિ, મહિલા, બાળકો, ગરીબ લોકો વગેરેને મફત કાનૂની સહાય પૂરી પડાય છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ NALSAનું અધ્યક્ષસ્થાન સંભાળે છે. દરેક રાજ્યમાં, સ્ટેટ લીગલ સર્વિસીઝ ઓથોરિટી SLSAની રચના કરાય છે. SLSAનું અધ્યક્ષપદ જે તે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સંભાળે છે. દરેક જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરીટી- DLSA (જિલ્લા કાનૂની સહાયતા પ્રાધિકરણ આવેલી હોય છે). તે જિલ્લા અદાલત સંકુલમાં આવેલી હોય છે અને જિલ્લા જજ તેનું અધ્યક્ષસ્થાન સંભાળે છે. તાલુકા કાનૂની સેવા સમિતિઓની પણ તાલુકા સ્તરે રચના કરાય છે. કાનૂની સેવા સત્તાવાળાઓ દ્વારા POCSO હેઠળ ભોગ બનેલાને વળતર પણ ચૂકવાય છે. તેઓ તકરારોના શાંતિપૂર્ણ ઉકેલ માટે સમયાંતરે લોક અદાલતો પણ આયોજિત કરે છે.

## 11. CACA સુરક્ષા વર્કબુક્સમાં સરકારી લોગો /નીતિઓ /સ્કીમોને આવરી લેવાઈ છે

**REPORT**

**Child labour** - https://pencil.gov.in/Complaints/add

**Child sexual abuse - CSA** - POCSO E - Box https://ncpcr.gov.in/user_complaints.php **Or** call toll free POCSO Helplines 1800115455, 9868235077, Child Helplines 1098

**Food adulteration** - SMS/ WhatsApp at - 9868686868

**National Cyber Crime Reporting** - https://cybercrime.gov.in/

**TRACK**

A missing Child https://trackthemissingchild.gov.in/trackchild/index.php

**ADOPT**

A Child - http://cara.nic.in/

**HELP-LINES**

**The National Disaster Response Force** (NDRF) - 9711077372

**Railway Police** - 1052

**Trangender certification by Ministry of Justice and Empowerment, Govt. of India** - http://transgender.dosje.gov.in/

**NIMHANS for psychosocial support and mental health services to survivors during disasters** - 080–46110007

**NALSA (Free Legal Aid)** - 15100

**National common emergency number** - 112

Drug de-addiction, Ministry of Social Justice and Empowerment Govt. of India 1800-11-0031

ચિલ્ડ્રન્સ અગેઈન્સ્ટ ચાઈલ્ડ એબ્યુઝ

# પ્રોજેક્ટ (CACA)

edusynergies

સ્કૂલની સુરક્ષા નીતિ હેઠળ બાળકો માટેનો સેફટી પ્રોગ્રામ

CACA સેફટી વર્કબુક્સ (કિંડરગાર્ટનથી વર્ગ 9 સુધી)

## વર્કબુક શીર્ષકો

- માય બિગિનર્સ સેફટી વર્કબુક
- માય ફર્સ્ટ સેફટી વર્કબુક
- માય સેકન્ડ સેફટી વર્કબુક
- માય થર્ડ સેફટી વર્કબુક
- માય ફોર્થ સેફટી વર્કબુક
- માય ફિફ્થ સેફટી વર્કબુક
- માય સીક્સ્થ સેફટી વર્કબુક
- માય સેવન્થ સેફટી વર્કબુક
- માય એઈટ્થ સેફટી વર્કબુક
- માય નાઈન્થ સેફટી વર્કબુક

GUJ

**Project CACA**
**Address:** EW - 3, Second Floor, Mianwali Nagar, Paschim Vihar, Delhi-110087
**Contact No:-** 011-40074904, 092054 88402, 092054 88405
**E mail:** info@projectcaca.org
**Website:** www.projectcaca.org
@projectcaca | @projectcaca

***End the Stigma, Raise Awareness***

***RED-GUJ-01***